# શૈક્ષણિક સંસ્થાના વડા......... સાચાર્ય , આચાર્ય કે કાચાર્ય !

શાળા-કોલેજના સર્વાંગી વિકાસ માટે સંસ્થાના વડાની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. સંસ્થાના વડાની કામગીરી પર જે તે વ્યકિતના વ્યકિતત્વની ખૂબ જ મોટી અસર થાય છે. વડા પોતે કોઇ પરિસ્થિતિને સીધી રીતે બદલી શકતા નથી, પરંતુ પોતે પોતાનો અભિગમ બદલી શકે છે અને આ અભિગમ જ પરિસ્થિતિને બદલે છે. શૈક્ષણિક સંસ્થાના વડાના અભિગમને આધારે આપણે તેમના ત્રણ પ્રકાર પાડી શકીએ – સાચાર્ય, આચાર્ય અને કાચાર્ય.

સુધરે અને સુધારે તે સાચાર્ય. માનવસંબંધોને સાંધે તે સાચાર્ય અને કાપે તે કાચાર્ય. સંસ્થાના દરેક વ્યકિતનો સહકાર અને વિશ્વાસ પ્રાપ્ત કરીને સંસ્થાને પ્રગતિના પંથે લઇ જવાની નેમ સાથે કામ કરનાર સાચાર્ય છે, જ્યારે ભાગલા પાડો અને રાજ કરો સિદ્ધાંત મુજબ માત્ર પોતાની જ પ્રગતિને ધ્યાનમાં રાખી પોતાને જ સર્વસ્વ સમજનાર કાચાર્ય. આ રીતે પોતાની પ્રગતિ થશે તેમ માનતો કાચાર્ય હકીકતમાં તો પોતાની અધોગતિ જ પ્રાપ્ત કરે છે. અન્ય કરતાં પોતાને જ હોશિયાર માનનાર આ કાચાર્યની આંખે “ભાગલા પાડો અને રાજ કરો” રૂપી બહિર્ગોળકાચના ચશ્મામાં તેને સાચું ચિત્ર દેખાતું નથી. સાચાર્ય સાચું આપે છે જ્યારે કાચાર્ય કાચું કાપે છે.

સાચાર્ય સાચા અર્થમાં શિક્ષકો માટે મિત્રમાર્ગદર્શક બની રહે છે. સંસ્થાનું વાતાવરણ સંપૂર્ણ પણે લોકશાહી યુક્ત હોય છે. જ્યાં સંસ્થાનો દરેક કર્મચારી મુક્ત મને સંસ્થાને પોતાની માનીને કામ કરતો હોય છે. સંસ્થાની પ્રગતિનો જશ શિક્ષકોને આપે તે સાચાર્ય, જ્યારે સંસ્થાની મર્યાદાનો દોષ શિક્ષકો પર મૂકે તે કાચાર્ય. સાચાર્ય સારો વાચક હોય છે જ્યારે કાચાર્ય યાચક હોય છે. કાચાર્ય પાસે પૂરતું જ્ઞાન ન હોવાથી તેને જ્ઞાન માટે બીજા પર આધાર રાખવો પડે છે. છતાં દેખાડો તો એવો કરશે કે જાણે હું બધું જ જાણું છું. આ લક્ષણ કાચાર્યનું લક્ષણ છે. સાચાર્ય દરેક વિષયમાં રસ લઇને વાંચવાનો અને જાણવાનો પ્રયત્ન કરે છે. એટલું જ નહીં પરંતુ સારો લેખ વાંચીને રસિક શિક્ષકને રૂબરૂ બોલાવી તેને વાંચવા માટે આપે છે. સાચાર્યને ખ્યાલ હોય છે કે મારા કયા શિક્ષકને શું વાંચવું કે જાણવું ગમશે. તે એડમિનિસ્ટ્રેશન કરતાં એકેડેમિક પર વધારે ઝોક આપે છે. તે વહીવટકાર નહીં પણ શિક્ષણકાર બનવા પ્રયત્ન કરે છે. શાળામાં સતત સંશોધનો, વાલી અને વિદ્યાર્થી સાથે સતત સંપર્ક તેનામાં પ્રાણ પૂરે છે. સાચાર્યની ઓફીસમાં વાલી, વિદ્યાર્થી કે શિક્ષક સરળતાથી જઇ શકે છે અને પોતાની રજૂઆત નિસંકોચ જણાવી શકે છે. જ્યારે કાચાર્યની ઓફિસમાં વિદ્યાર્થીઓ જતા ડરે છે, અને શિક્ષકો જવાનું ટાળે છે. સાચાર્ય શિક્ષણની નવી બાબતોથી વાકેફ રહેવાનો અને તેનો અમલ કરવાનો સતત પ્રયત્ન કરે છે. જ્યારે કાચાર્યને આ માટે તો કોઇ સમય જ મળતો નથી! માત્ર આચાર્ય બની રહેવા માગતું વ્યક્તિત્વ પોતાને જરૂર હોય તેટલું જ જૂએ અને જાણે છે. સાચાર્ય પાસે ભવિષ્યનું લાંબાગાળાનું આયોજન હોય છે, આચાર્ય પાસે માત્ર એકાદ વર્ષનું આયોજન હોય છે, કાચાર્ય આવી કોઇ ઝંઝટમાં પડતો નથી.

સાચાર્ય શાળામાં તો કામ કરે જ છે, જરૂર પડે ઘરે જઇને પણ શાળાનું કામ કરે છે. કાચાર્ય પાસે શાળાનું કામ ઘેર જઇને કરવાનો અવકાશ નથી, હા...તે ઘરનું કામ શાળામાં કરે છે. જ્યારે આચાર્ય ઘરનું કામ ઘેર અને શાળાનું કામ શાળામાં જ કરે છે. આમ, સાચાર્ય શાળાનું કામ ઘેર લઇ જાય છે અને કાચાર્ય ઘરનું કામ શાળામાં લઇ જાય છે. સાચાર્ય જ્યાં જાય ત્યાં આનંદ હોય છે અને કાચાર્ય જ્યારે જાય ત્યારે આનંદ હોય છે. કાચાર્ય આચાર્યગીરી દાદાગીરીથી કરતો હોય છે, જ્યારે સાચાર્ય આચાર્યગીરી શિક્ષકગીરીથી કરતો હોય છે. સાચાર્ય શિક્ષકોની પ્રગતિ માટે સતત મથામણ કરતો હોય છે તો બીજીબાજુ કાચાર્ય શિક્ષકોની પ્રગતિ સહન કરી શકતો નથી. કાચાર્યને શિક્ષણ સિવાયના કામમાં વધુ રસ પડતો હોય છે. નિયમ અને નિંદા તેના ભાઇબહેન છે. કાચાર્યને દમન કરવાથી આનંદ પ્રાપ્ત થાય છે તો સાચાર્યને કામ કરવાથી આનંદ મળે છે. સંસ્થાનો દરેક કર્મચારી પોતાનાથી ડરે તે કાચાર્યને ગમે છે. ઉપદેશક નહીં પણ ઉદાહરણરૂપ બને તે સાચાર્ય. ઉપદેશક બનવું તે આચાર્યનું લક્ષણ છે. પણ ઉદાહરણરૂપ બનવું તે સાચાર્યનું લક્ષણ છે. સાચાર્ય ટેકનોલોજી અને સાયકોલોજીનો ઉપયોગ કરીને સમસ્યા મુક્ત વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરે છે. સાચાર્ય આચાર્યોલોજી અને શિક્ષકોલોજીનો પણ જાણકાર હોય છે. તે શિક્ષકોના માનસને સમજીને તેની પાસે યોગ્ય અપેક્ષા રાખી, પ્રોત્સાહિત કરીને વિદ્યાર્થીઓને મહત્તમ લાભ અપાવે છે.

સાચાર્યથી સંસ્થા પ્રગતિના પંથે સતત દોડતી જોવા મળે છે, કાચાર્યને કારણે સંસ્થા અધોગતિ તરફ ધકેલાય છે. તો આચાર્ય પોતાની સંસ્થા જેવી છે તેવી જ રાખી શકે છે. આચાર્યના મતે સંસ્થા પ્રગતિના કરી શકે તો વાંધો નહીં પરંતુ અધોગોતિ તો ના જ થવી જોઇએ. પરિણામે તે કોઇ નવા સાહસ કે પ્રયોગો કરવામાં માનતો નથી. આચાર્ય એ આચાર્યગીરી કરવાનો મધ્યમ પ્રકારનો માર્ગ કહી શકાય. તે જોખમો ઉઠાવવામાં માનતો નથી. શિક્ષકો પોતાની રીતે તેમની પ્રગતિ કરે તેમાં તેને વાંધો નથી, પરંતુ તે સહભાગી બનતો નથી. આચાર્ય કામના ભોગે પણ સ્ટાફ સાથે સંબંધ સાચવવામાં માને છે. આચાર્ય જવાબદારી શિક્ષકો પર છોડવામાં માને છે. તેની પાછળનું કારણ નિષ્ફળતાનો ભય છે. સાચાર્ય જવાબદારીમાં શિક્ષકોને સામેલ કરે છે. પણ તેને સફળતા કે નિષ્ફળતાનો ભય નથી. જો સફળતા મળે તો તેનો યશ શિક્ષકોને આપશે અને નિષ્ફળતા મળશે તો પોતાને જવાબદાર ગણશે. કાચાર્ય દરેક કામ પોતાની રીતે જ અન્ય પર વિશ્વાસ મૂકયા સિવાય કરે છે. તે શું કરે છે અને શા માટે કરે છે તેની જાણ અન્યને કરતો નથી. દરેક શાળા-કોલેજના સંચાલકે છેલ્લા પાંચ વર્ષની સંસ્થાની પ્રગતિને આધારે આચાર્યની ઓફિસની બહાર સાચાર્ય, કાચાર્ય કે આચાર્યનું બોર્ડ લગાવવું જોઇએ. શિક્ષકો અને વાલીએ પણ પોતાની સંસ્થાના શૈક્ષણિક અને વહીંવટીવડા માટે ઉપરોક્ત ત્રણમાંથી યોગ્ય બિરુદ પસંદ કરીને વાપેરવું જોઇએ.